RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 173* Date: 21.04.2022 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## આયુષ વિઝા શરૂ કરાશે, જેનાથી વિદેશીઓ આયુષ ઉપચાર માટે ભારતમાં આવી શકે:

# ગ્લોબલ આયુષ ઈન્વેસમેન્ટ એન્ડ ઈનોવેશન સમિટ ૨૦૨૨નું વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ




ગાંધીનગર,તા.૨૦

મહાત્મા મંદિરમાં આયોજીત ગ્લોબલ આયુષ ઈન્વેસમેન્ટ એન્ડ ઈનોવેશન સમિટ ૨૦૨૨નું વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ છે. આ પ્રસંગે મોરેશિયસના પ્રધાનમંત્રી, ડબ્લ્યુએચઓના મહાનિદેશક, રાજ્યનાં સીએમ પણ ઉપસ્થિત રહ્યા છે. આ પ્રસંગે પીએમ મોદીએ સંબોધનની શરૂઆત, ‘કેમ છો‘ બોલીને કરી હતી.

પીએમ મોદીએ જણાવ્યું હતું કે, આયુષ સેક્ટરમાં વૃદ્ધિથી આયુષની માંગથી ગ્રોથ સતત વધશે. ૨૦૧૪ પહેલા આયુષ સેક્ટરમાં ૩ બીલીયન ડોલર કરતા ઓછું હતું, જે ૧૮ બીલીયન ડોલરને પાર કરી ગયું છે. પહેલા જ આમાં અભૂતપૂર્વ તેજી જોઈ રહ્યા છીએ. આયુષમાં ઈન્વેસ્ટમેન્ટ અને ઈનોવશન અસિમિત છે. સમય આવી ગયો છે કે આયુષમા ઈન્વેસ્ટમેન્ટ વધારવામા આવે. કોણે વિચાર્યું હતું કે આટલી જલ્દી વેક્સિન બની એ પણ ભારતમાં બનીને તૈયાર થઈ જશે. મોડર્ન ફાર્મા કંપની અને વેક્સિન કંપનીઓએ ઈન્વોસ્ટમેન્ટ મળતા કમાલ કરી નાંખી છે.

આપણે જોયું છે કે આધુનિક ફાર્મા કંપનીઓ, જેઓ વેક્સીન ઉત્પાદકો છે, જો તેઓને યોગ્ય સમયે રોકાણ મળે તો તેઓએ ઘણું બતાવ્યું છે. કોણ કલ્પના કરી શકે છે કે આટલી જલ્દી આપણા દેશમાં કોરોનાની રસી વિકસાવી શકીશું. પરંતુ તેમ છતાં કરી દેખાડ્યું. આયુષના ક્ષેત્રમાં રોકાણ અને નવીનતાની શક્યતાઓ અમર્યાદિત છે. અમે પહેલેથી જ આયુષ દવાઓ, પૂરક અને સૌંદર્ય પ્રસાધનોના ઉત્પાદનમાં અભૂતપૂર્વ વૃદ્ધિના સાક્ષી છીએ. ૨૦૧૪માં, જ્યાં આયુષ ક્ષેત્ર ઈ૩ બિલિયનથી ઓછું હતું. આજે તે ઈ૧૮ બિલિયનને પણ વટાવી ગયું છે.

મોદીએ જણાવ્યું કે, મહામારી દરમિયાન હળદરનું એક્સપોર્ટ વધી ગયું. ઈમ્યિનિટી વધારવામાં હવે આયુષ મદદ કરી રહ્યું હતું. આ વિચાર મને ત્યારે આવ્યો કે જ્યારે સમગ્ર વિશ્વમા મહામારી ફેલાઈ હતી. પ્રથમવાર છે કે આયુષ સેક્ટર માટે આન્વેસ્ટમેન્ટ સમિટ થાય છે. આપડે જોયું છે કે અલગ અલગ સેક્ટરમાં ઈન્વેસ્ટમેન્ટ માટે સમિટ થાય છે.

મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, ભારતમાં સ્ટાર્ટઅપમાં સ્વર્ણિમ સમય છે. ૨૦૨૨મા ચાર માસમા ભારત ૧૪ સ્ટાર્ટઅપ યુનિકોર્ન ક્લબમાં જોડાઈ ગયા છે. આયુષ મંત્રાલય ટ્રેડિશનલ મેડિસિનમાં સ્ટાર્ટઅપ માટે અનેક પગલા ભર્યા છે. ભારતમાં હર્બલનો ખજાનો છે, હિમાલય એના માટે જાણીતું છે, જે એક ગ્રિન ગોલ્ડ છે. મેડિકલ પ્લાન્ટના ખેડૂતો માર્કેટ સાથે જોડાય.. આયુષના પોર્ટલ થકી જોડાવવા કામ થઈ રહ્યું છે. આયુષ પ્રોડક્ટ બનાવતી કંપનીઓને આયુષનું ઉત્પાદન કરતા ખેડૂતો સાથે જોડાવા કામ થઈ રહ્યું છે. આયુષમાં ખેડૂતોની આવક વધી શકે છે, રોજગાર પણ વધી શકે છે.

પીએમ મોદીએ જણાવ્યું કે, આયુષ મંત્રાલયે પરંપરાગત દવાઓના ક્ષેત્રમાં સ્ટાર્ટઅપ કલ્ચરને પ્રોત્સાહિત કરવા માટે ઘણા મોટા પગલા લીધા છે. થોડા દિવસો પહેલા ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ આયુર્વેદ દ્વારા વિકસાવવામાં આવેલ ઈક્યુબેશન સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. ભારતમાં આ યુનિકોર્નનો યુગ છે.

પીએમ મોદીએ જણાવ્યું કે, વર્ષ ૨૦૨૨માં જ અત્યાર સુધીમાં ભારતમાંથી ૧૪ સ્ટાર્ટ-અપ્સ યુનિકોર્ન ક્લબમાં જોડાયા છે. મને ખાતરી છે કે અમારા આયુષ સ્ટાર્ટ અપ્સમાંથી યુનિકોર્ન ખૂબ જ જલ્દી બહાર આવશે. ઔષધીય છોડના ઉત્પાદન સાથે સંકળાયેલા ખેડૂતોને બજાર સાથે સરળતાથી જોડાઈ શકે તેવી સુવિધા મળવી જોઈએ તે ખૂબ જ જરૂરી છે. આ માટે, સરકાર આયુષ ઈ-માર્કેટ પ્લેસના આધુનિકીકરણ અને વિસ્તરણ પર પણ કામ કરી રહી છે.

પીએમ મોદીએ જણાવ્યું કે,એફએસએસએઆઈએ ગયા અઠવાડિયે તેના નિયમોમાં ‘આયુષ આહર‘ નામની નવી શ્રેણીની પણ જાહેરાત કરી છે. આ હર્બલ પોષક પૂરવણીઓના ઉત્પાદકોને મોટા પ્રમાણમાં સુવિધા આપશે. ભારત એક ખાસ આયુષ ચિહ્ન પણ બનાવવા જઈ રહ્યું છે. આ ચિહ્ન ભારતમાં બનેલી ઉચ્ચ ગુણવત્તાની આયુષ ઉત્પાદનો પર લાગુ કરવામાં આવશે. આ આયુષ ચિહ્ન આધુનિક ટેકનોલોજીની જોગવાઈઓથી સજ્જ હશે. આનાથી વિશ્વભરના લોકોને ગુણવત્તાયુક્ત આયુષ ઉત્પાદનોનો વિશ્વાસ મળશે.

પીએમ મોદીએ કહ્યું કે, પરંપરાગત દવાએ કેરળના પ્રવાસનને વધારવામાં મદદ કરી. આ શક્તિ સમગ્ર ભારતમાં છે, ભારતના ખૂણે ખૂણે છે. ‘હીલ ઈન ઈન્ડિયા‘ આ દાયકાની મોટી બ્રાન્ડ બની શકે છે. આયુર્વેદ, યુનાની, સિદ્ધ વગેરે વિદ્યાશાખાઓ પર આધારિત સુખાકારી કેન્દ્રો ખૂબ લોકપ્રિય હોઈ શકે છે. પીએમ મોદીએ આયુષ ઉપચારનો લાભ લેવા ભારત આવવા માંગતા વિદેશી નાગરિકો માટે સરકાર વધુ એક પહેલ કરી રહી છે. ખૂબ જ ટૂંક સમયમાં, ભારત એક વિશેષ આયુષ વિઝા શ્રેણી દાખલ કરવા જઈ રહ્યું છે. આનાથી લોકોને આયુષ ઉપચાર માટે ભારતમાં મુસાફરી કરવામાં મદદ મળશે.

પીએમ મોદીએ આયુષને લઈને એક ઉદાહરણ આપતા જણાવ્યું હતું કે, કેન્યાના પૂર્વ રાષ્ટ્રપતિ અને તેમની દીકરી બાબતે એક વાત કહેવા માંગૂ છું. કેન્યાના પૂર્વ રાષ્ટ્રપતિની દીકરીની બ્રેન ટેયુમરની સર્જરી થઈ જેના કારણે આંખોથી દેખી શકતી ન હતી. ભારતમાં આયુર્વેદિક ઉપચાર બાદ તેની આંખોની દ્રષ્ટી પાછી આવી છે. પીએમ મોદીએ રામાયણનો એક પ્રસંગ લઈને લોકોને સમજાવ્યું હતું કે, લક્ષ્મણજી જ્યારે મૂર્છિત થયા ત્યારે હનુમાનજી હિમાલયથી સંજીવની લઈ આવ્યા. આત્મનિર્ભર ભારત ત્યારે પણ હતું..

ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રયાસોએ યોગ અને હવે પરંપરાગત દવાઓ માટે વિશ્વમાં એક સ્થાન બનાવ્યું છે. સમગ્ર વિશ્વમાં લોકો હવે પરંપરાગત દવા તરફ વળ્યા છે. તેમજ હવે નિવારક દવા તરફ આગળ વધવાનો સમય છે.

નોંધનીય છે કે મોરેશિયસના વડાપ્રધાન પ્રવિંદ જગન્નાથએ કહ્યું હતું કે આયુષ રોકાણ અને ઈનોવેશન સમિટમાં ભાગ લેવો મારા માટે ગર્વની વાત છે. ડબ્લ્યુએચના અનુસાર, વિશ્વમાં ૮૦ ટકા લોકો પરંપરાગત દવાઓનો ઉપયોગ કરે છે. આ દવાના જ્ઞાનને માત્ર માન આપવું જોઈએ નહીં, પરંતુ તેને સુરક્ષિત અને પ્રોત્સાહન આપવું જોઈએ.

# પ્રશાંત કિશોરે સોનિયા ગાંધી સહિત કોંગ્રેસ નેતાઓ સામે પ્રેઝન્ટેશન રજૂ કર્યુ

નવીદિલ્હી,તા.૨૦

પ્રશાંત કિશોર અને કોંગ્રેસના દિગ્ગજ નેતાઓની વધુ એક બેઠક શનિવારે થઈ. છેલ્લા ૧૦ મહિનામાં આ બીજીવાર છે જ્યારે પ્રશાંત કિશોરની કોંગ્રેસના દિગ્ગજ નેતૃત્વ સાથે મુલાકાત થઈ છે. અગાઉ ગયા વર્ષે જુલાઈમાં તેઓ રાહુલ, પ્રિયંકા અને સોનિયા ગાંધીને મળ્યા હતા પરંતુ તે સમયે ના તો કોંગ્રેસ પાર્ટીએ અને ના પ્રશાંત કિશોરએ આ વિશે કોઈ સત્તાકીય નિવેદન જારી કર્યુ હતુ. પરંતુ આ વખતની મુલાકાત અલગ છે. કોંગ્રેસએ આ વખતે સત્તાકીય નિવેદનમાં આ વાતનો સ્વીકાર કર્યો છેકે ૨૦૨૪માં થનારી ચૂંટણીને લઈને પ્રશાંત કિશોરએ એક પ્રેઝન્ટેશન સોનિયા ગાંધી અને બાકી કોંગ્રેસ નેતાઓના સામે રજૂ કર્યુ છે.



ગયા વર્ષે જુલાઈ અને આ વર્ષે એપ્રિલમાં થયેલી બંને મુલાકાત વચ્ચે એક નિવેદન તેમણે ગયા વર્ષે ઓક્ટોબરમાં પણ આપ્યુ હતુ અને કોંગ્રેસ માટે કહ્યુ હતુ, નેતા એ ભ્રમમાં ના રહે કે લોકો મોદીથી નારાજ છે અને તેઓ મોદીને હરાવી દેશે. થઈ શકે છે કે તેઓ મોદીને હરાવી દે પરંતુ ભાજપ ક્યાંય જઈ રહી નથી. પાર્ટી આગામી કેટલાક દાયકા સુધી રાજનીતિમાં રહેશે. રાહુલ ગાંધીની સાથે કદાચ આ સમસ્યા છે કે તેમને લાગે છે કે સમયની વાત છે, લોકો આપને સત્તાથી નીકાળી ફેંકશે. એવુ થવાનુ નથી. તેમણે આગળ કહ્યુ, જ્યાં સુધી આપ મોદીને સમજશો નહીં, તેમની તાકાતને સમજશો નહીં આપ તેમને હરાવવાની રણનીતિ તૈયાર કરી શકશો નહીં, હુ જે સમસ્યા જોઈ રહ્યો છુ તે એ છે કે લોકો ના તો તેમની તાકાત સમજી રહ્યા છે અને ના એ કે તે શુ વાત છે જે તેમને પોપ્યુલર બનાવી રહી છે. જ્યાં સુધી આપ એ જાણશો નહીં, આપ તેમને હરાવી શકશો નહીં.

# રાજધાનીમાં કોરોનાએ ફરી માથું ઉચક્યું : કેન્દ્રનો રાજ્યનોએ સાવચેત રહેવા આદેશ

નવીદિલ્હી,તા.૨૦

વધુ એક વખત કોરોના દેશમાં માથૂ ઊચકી રહ્યો છે. એકાએક કોરોનાના આંકડાઓનો ગ્રાફ ફરીથી વધવા લાગ્યો છે ત્યારે કેન્દ્ર કોરોના ને કાબૂ કરવા ગંભીર બન્યું છે. દિલ્હી-એનસીઆરના વિસ્તારોમાં કોરોના ઝડપથી વધી રહ્યો છે. મોટી સંખ્યામાં બાળકો પણ હવે સંક્રમિત થઈ રહ્યા છે. ત્રીજી લહેર બંધ થયા બાદ જે પ્રતિબંધો હટાવવામાં આવ્યા હતા તે હવે ફરીથી લાગૂ થવા લાગ્યા છે. વાસ્તવમાં સૌથી વધુ કેસ દિલ્હી-એનસીઆરમાં સામે આવી રહ્યા છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર ૨૪ કલાકમાં કોરોનાના ૧૨૪૭ કેસ સામે આવ્યા છે. જેમાંથી ૫૦૧ કેસ માત્ર દિલ્હીના છે. આમ દિલ્હીમાં દર સેકન્ડે સંક્રમણ વધી રહ્યું છે. દેશમાં સતત વધી રહેલા કોરોનાના કેસોએ ફરીથી ચિંતા વધારી દીધી છે ત્યારે આવી સ્થિતિમાં કેન્દ્ર સરકારે રાજ્યોને વધુ સતર્ક રહેવા સૂચના આપી છે. કેન્દ્ર દ્વારા તમામને પત્ર લખવામાં આવ્યો છે જેમાં મંગળવારે દિલ્હી, ઉત્તર પ્રદેશ, હરિયાણા, મહારાષ્ટ્ર અને મિઝોરમને કોરોના સામે ગંભીર બનવા સૂચયન કરાયું છે. પત્રમાં લખવામાં આવ્યું છે કે, જો કોઈ પણ હવે કોરોના સામે થોડી પણ બેદરકારી દાખવશે તો અત્યારસુધીની ઉપલબ્ધિ સામે હારી જવાશે. આથી કોરોનાની ગાઈડલાઈન અમલી બનવાવી જ હિતાવહ હોવાનું સૂચન કરવામાં આવ્યું છે.

રાજધાની દિલ્હી અને આસપાસના એનસીઆર વિસ્તારોમાં વધી રહેલા કોરોનાના કેસોને જોતા ઉત્તર પ્રદેશની યોગી સરકારે લખનઉ સહિત ૭ જિલ્લામાં માસ્ક ફરજિયાત કરી દીધા છે. જે જિલ્લાઓમાં માસ્ક ફરજિયાત બનાવવામાં આવ્યા છે તેમાં લખનઉ ઉપરાંત ગૌતમ બુદ્ધ નગર, ગાઝિયાબાદ, હાપુડ, મેરઠ, બુલંદશહર અને બાગપતનો સમાવેશ થાય છે.કોરોનાના કેસ ઓછા થયા બાદ ઉત્તર પ્રદેશે ૧ એપ્રિલથી જાહેર સ્થળો પર ફરજિયાત માસ્ક નાબૂદ કરી દીધા હતા. પરંતુ હવે ફરીથી માસ્ક ફરજિયાત કરવામાં આવ્યા છે. માસ્ક ન પહેરવા બદલ ૧૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે. સીએમ યોગીએ અધિકારીઓને કોવિડ પ્રોટોકોલનું કડક પાલન કરવાનો આદેશ આપ્યો છે. માસ્કની અનિવાર્યતાની સાથે સાથે હવે ફરીથી કોરોનાનું માસ ટેસ્ટિંગ પણ શરૂ કરવામાં આવી રહ્યું છે. લખનઉમાં હવે દિલ્હી, એનસીઆર, નોઈડા, ગાઝિયાબાદ, હરિયાણા અને મહારાષ્ટ્રથી આવનારા મુસાફરોને એરપોર્ટ, બસ સ્ટેન્ડ અને રેલવે સ્ટેશનો પર કોરોના માટે તપાસ કરવામાં આવશે. આ ઉપરાંત શૈક્ષણિક સંસ્થાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ અને મેડિકલ યુનિવર્સિટીઓમાં પણ કોરોના ટેસ્ટ કરવાના આદેશ આપવામાં આવ્યા છે.

લખનઉમાં પોઝિટિવિટી રેટમાં વધારો થયા બાદ પ્રશાસને કોન્ટેક્ટ ટ્રેસિંગ વધારવાની સૂચના પણ આપી દીધી છે. આ ઉપરાંત સામુહિક આરોગ્ય કેન્દ્રને શંકાસ્પદોની તપાસ માટે મેડિકલ ટીમો અને વાહનો પણ આપવામાં આવશે.

# દેશમાં ફરી કોરોના વકર્યો, એક્ટિવ કેસ ૧૨ હજારને પાર

નવીદિલ્હી,તા.૨૦

દેશમાં વધી રહેલા કોરોના કેસોએ ફરી એકવાર લોકોની ચિંતા વધારી દીધી છે. આજે ફરી સંક્રમિત દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલ બુધવારના આંકડા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨૦૬૭ કેસ નોંધાયા છે, જે ગઈકાલની સરખામણીમાં ૮૨૦ એટલે કે ૬૬ ટકા વધુ છે. આ દરમિયાન ૪૦ લોકોના મૃત્યુ પણ થયા હતા. જો કે, આ સમયગાળામાં દેશમાં ૧,૫૪૭ લોકો સાજા પણ થયા છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર, દેશમાં સક્રિય દર્દીઓની સંખ્યા પણ વધીને ૧૨,૩૪૦ થઈ ગઈ છે જે ચિંતાનો વિષય છે. મહામારીની શરૂઆતથી અત્યાર સુધીમાં કુલ ૫,૨૨,૦૦૬ લોકોના મૃત્યુ થયા છે.

આંકડા અનુસાર, દેશમાં મહામારીની શરૂઆતથી અત્યાર સુધીમાં કુલ ૪,૩૦,૪૭,૫૯૪ લોકો કોરોનાની ઝપેટમાં આવી ચૂક્યા છે. તો દેશમાં અત્યાર સુધીમાં કુલ ૪,૨૫,૧૩,૨૪૮ લોકો સ્વસ્થ પણ થયા છે.

દેશમાં અત્યાર સુધીમાં ૧૮૬,૯૦,૫૬,૬૦૭૫ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. જેમાંથી ગઈકાલે ૧૭,૨૩,૭૩૩ ડોઝ આપવામાં આવ્યા હતા. દેશમાં ૧૬ જાન્યુઆરી, ૨૦૨૧થી રસીકરણ શરૂ થયું હતું.

# વસિયતમાં લખાયુ હોય તો પરિવાર સિવાયની વ્યક્તિ સંપતિમાં હકકદાર

નવીદિલ્હી,તા.૨૦

સંપતિ માલિક વસિયતમાં પરિવાર સિવાયની કોઈ વ્યક્તિને મિલ્કત આપી શકે છે અને આ સંજોગોમાં કુટુંબ સિવાયની વ્યક્તિને પણ સંપતિમાં ભાગ મળી શકતો હોવાનો મહત્વનો ચુકાદો સર્વોચ્ચ અદાલતે આપ્યો છે. બીજા પત્નીને સંપતિ આપવાની વસીયતને અદાલતે માન્ય રાખીને ચેન્નઈ હાઈકોર્ટના આદેશને ફગાવી દીધો હતો. આ કેસમાં સરોજા અજમાલ નામની એક મહિલાએ લોકલ કોર્ટમાં દાવો દાખલ કર્યો હતો. મુનિસામી ચેટીયારની પત્ની હોવાના નાતે પતિએ વસિયતમાં પોતે સંપતિ આપી હતી. પુરાવાઓને આધારે લોકલ કોર્ટે દાવો માન્ય રાખ્યો છે. પરંતુ મુનિસામીના સંતાનોએ તે સામે મદ્રાસ હાઈકોર્ટમાં અપીલ કરી હતી. કેસ જીતનાર મહિલા અન્ય વ્યક્તિની પત્ની હોવાનું તથા તેને બે સંતાનો પણ હોવાનું માનીને હાઈકોર્ટે લોકલ અદાલતનો ચુકાદો ફગાવી દીધો હતો અને વસિયતનો લાભ મળી ન શકે તેવો ચુકાદો આપ્યો હતો.

હાઈકોર્ટના આ આદેશને સર્વોચ્ચ અદાલતમાં પડકારવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે એમ કહ્યું કે કઈ વ્યક્તિને અન્ય સાથે કયા સંબંધ છે તે જોવાનું નથી. પરંતુ વસિયતનું લખાણ જોવાનુ છે. પરિવારની બહારની વ્યક્તિને સંપતિ ન આપી શકે તેવો કોઈ કાયદો નથી. વસિયત સાચી હોવાથી સંપતિ દાવો કરનારને આપવી પડે.

# ભીષણ ગરમીથી રાહત મળશે રાહત! આગામી ૨૪ કલાકમાં દિલ્લી સહિત ઘણા રાજ્યોમાં વરસાદની સંભાવના

નવીદિલ્હી,તા.૨૦

આગ ઝરતી ગરમીમાં શેકાઈ રહેલા લોકો માટે રાહતના સમાચાર છે કારણકે આગામી ૨૪ કલાક દરમિયાન પંજાબ, હરિયાણા, દિલ્લીમાં ગાજવીજ સાથે ધૂળ ભરેલી આંધી અને હળવા વરસાદની સંભાવના છે. પૂર્વોત્તર ભારત, તમિલનાડુના આંતરિક ભાગો અને કેરળમાં ઘણી જગ્યાએ હળવા વરસાદની સંભાવના છે. ૨૧ અને ૨૨ એપ્રિલના રોજ પંજાબ, હરિયાણા, દિલ્લી, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, ઝારખંડના પૂર્વ ભાગો અને બિહાર સાથે-સાથે પશ્ચિમ બંગાળના અમુક ભાગોમાં ગાજવીજ સાથે ધૂળ ભરેલી આંધી અને હળવો વરસાદ પડવાની સંભાવના છે.

હવામાન વિભાગે જણાવ્યુ છે કે ગુજરાત, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, તેલંગાના, આંતરિક કર્ણાટક, છત્તીસગઢ અને આંધ્રપ્રદેશના દક્ષિણ ભાગોમાં પણ ગાજવીજ સાથે વરસાદી ઝાપટા પડવાની સંભાવના છે. દેશના ઘણા ભાગોમાં પ્રી-મોનસુન ગતિવિધિઓને જોતા, તાપમાન અમુક હદ સુધી ઘટી શકે છે. આગલા ૨૪ કલાક દરમિયાન પંજાબ, હરિયાણા, દિલ્લી, ઉત્તર રાજસ્થાન, મધ્ય પ્રદેશના અમુક ભાગો, વિદર્ભ અને ઝારખંડના અલગ-અલગ ભાગોમાં લૂની સ્થિતિ સંભવ છે અને ત્યારબાદ આમાં કમી આવી શકે છે.

દિલ્લીમાં લૂનો પ્રકોપ ઘટવાની સંભાવના ભારતીય હવામાન વિભાગે જણાવ્યુ છે કે દિલ્લીમાં સાત દિવસથી લૂનો પ્રકોપ ચાલુ છે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સ્થિતિ અને આ ક્ષેત્રમાં વાદળો છવાયેલા રહેવાના કારણે લૂનો પ્રકોપ ઘટવાની સંભાવના છે. આઈએમડી મુજબ રાષ્ટ્રીય રાજધાનીમાં ૨૨ એપ્રિલ સુધી અમુક જગ્યાએ હળવો વરસાદ થવા અને ૨૫-૩૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાનુ અનુમાન છે. સ્કાઈમેટ વેધરના રિપોર્ટ મુજબ ૨૨ અને ૨૩ એપ્રિલ આસપાસ ગાજવીજ સાથે વરસાદની સંભાવના છે માટે થોડી રાહત મળી શકે છે.

## તંત્રી સ્થાનેથી...

# ભારત પ્રોફેશનલ શિક્ષણ આપવામાં પછાત શા કારણે.....?

કોઈ પણ દેશની પ્રગતિના પાયામાં શિક્ષણ, રાજકારણ, અર્થકારણ અને કળા મુખ્ય આધાર અને મહત્વ રાખે છે. આમાંનો કોઈ પણ પાયો નબળો પડે તો તેની અસર સમગ્ર દેશમા મોટા પ્રમાણમાં પડે છે. દેશ નબળા પડેલા પાયા જેટલોજ નબળો પડે છે. આપણા દેશમાં શિક્ષણ ક્ષેત્રમાં ખાનગીકરણનો પ્રવેશ થતાં જ શિક્ષણ જગતને લૂણો લાગવાની શરૂઆત થઇ. જેના પરિણામ રૂપે વિશ્વની શ્રેષ્ઠ ગણાતી ૩૦૦ યૂનિવર્સિટીઓમા સ્થાન મેળવી શકી નથી. જ્યારે કે શિક્ષણને પ્રાધાન્ય આપતા ચીનની ૨૪ જેટલી યુનિવર્સિટીઓ શ્રેષ્ઠ ૩૦૦ યુનિ.મા સ્થાન પામેલી છે. બીજી તરફ ભારતમાં અંગત રીતે અસાધારણ હતા તે તમામ ટેક્નોક્રેટ અમેરિકામાં આવેલ યુનિવર્સિટીમાં ઉચ્ચ અભ્યાસ કરીને અમેરિકામાંજ કેટલીક ટોચની કંપનીઓમાં ઉચ્ચ હોદ્દા-પગાર મેળવીને પોતાનો દબદબો જાળવ્યો છે. દેશમાં માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણની અવદશા થઈ છે ત્યારે પ્રાથમિક શિક્ષણની દશા કેવી હશે.....?તે પેચિદો સવાલ છે.આજે શાળાઓમાં દિલ લઈને અભ્યાસ કરાવનારા શિક્ષકોની કમી સર્જાઈ છે. જેના કારણે શાળાઓ ખાલી હોય છે અને ટ્યુશન ક્લાસો ભરચક રહે છે. આપણે એકવીસમી સદીમાં પ્રવેશ્યા પછી પણ એવું અનુભવાઈ રહ્યું છે કે આપણી પીછેહઠ થઈ છે. શિક્ષિતોનું પ્રમાણ વધી ગયું છે પરંતુ કરોડો શિક્ષિત લોકો બેકાર છે- બેરોજગાર છે. ખાનગી ક્ષેત્રમાં નોકરીઓમાં શોષણ થઈ રહ્યુ છે. બીજી તરફ દેશમાં સારી કંપનીઓ સારા ઉમેદવાર શોધે છે અને પ્રોફેશનલ ઉમેદવારો મેળવવા જે તે સંસ્થાઓનો સહારો લેવો પડે છે. મતલબ આપણી શિક્ષણ પદ્ધતિમિ મોટી ઉણપ છે... લાખો રૂપિયા ખર્ચ કર્યા પછી પણ પ્રોફેશનલ ગુણવત્તા સભર શિક્ષણ મળતું નથી. માત્ર ડિગ્રી મળે છે જેનું લેવાલ મળતું નથી.....! આપણે તૈયાર કરતા વિદ્યાર્થીઓ નીચલી કક્ષાનું જ્ઞાન ધરાવે છે જેની સંખ્યા મોટા પ્રમાણમાં છે. આપણું શિક્ષણ સ્પર્ધાત્મક રીતે મજબૂત બને તથા પ્રોફેશનલ સ્કિલ્સ વિદ્યાર્થીઓ તૈયાર કરવામાં અસમર્થ છે..... કે પછી આપણા શિક્ષણમાં આધુનિક જરૂરી અભ્યાસક્રમો- સાધનો સહિતનાની ઊણપ છે. જોકે આજનો શિક્ષિત તમામ બાબતનુ જ્ઞાન ધરાવતો હોય છે પરંતુ તેને કામ સોંપવામાં આવે તો મોટાભાગે નિષ્ફળ રહે છે..... ટૂંકમાં આવા પ્રકારનો મોટા પ્રમાણમાં શિક્ષિત વર્ગ પેદા થયેલો છે.....! જે જોબ માટે અનુકૂળ કે ફીટ નથી હોતો... પરિણામે શિક્ષિત બેરોજગારોની સંખ્યામાં બેહદ વધારો થયો છે....!

આપણું શિક્ષણ ક્યા સ્તરે છે તે બાબતમા ખબર પડતી ન હતી પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે તુલનાત્મક અભ્યાસ બાબતેના અહેવાલો જાહેર થવાની શરૂઆત થતા આપણી શિક્ષણ વ્યવસ્થા અને તેનું સ્તર કેવું છે તે સ્પષ્ટ થવા લાગ્યું... ત્યારે જાણ થવા લાગી કે વિદ્યાર્થીઓ જે ભણે છે તે જ તેમને આવડતું નથી.....! પરિણામે આવા શિક્ષિતોને નોકરી મળતી નથી તેનુ કારણ છે પ્રોફેશનલ શિક્ષણનો અભાવ પરિણામે બેરોજગારોની સંખ્યામાં વધારો થતો જાય છે. જ્યારે કે સરકાર આ બાબતે ગંભીર ન હોય એવું ચિત્ર ઊભું થઈ ગયું છે.....! ત્યારે સરકાર તથા સરકારોએ શિક્ષણક્ષેત્ર માટે કુલ બજેટના ૨૫% ફાળવવાની જરૂર છે. તે સાથે આધુનિક સમયમાં જરૂરી પ્રોફેશનલ ગુણવત્તાસભર દેશ અને દુનિયાને ઉપયોગી શિક્ષણના અભ્યાસક્રમો દાખલ કરવા સાથે સરકારી શાળાઓને આધુનિકતાના ઓપ આપવા તથા જરૂરી તમામ શિક્ષણ સાધનો અને સગવડો પૂરા પાડવા તેમજ ગરીબ, મજૂર, મધ્યમવર્ગના હોનહાર સંતાનો શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે નહીંવત તેઓના ખીરાને પરવડે તેવી 'ફી' નુ ધોરણ રાખવા સાથે કુશળ શિક્ષકોની-અધ્યાપકોની વ્યવસ્થા કરવી જરૂરી છે.... નહીં તો એ ઉક્તિ સાચી પડતી જશે કે ભણો ભારતમા અને ઉચ્ચ અભ્યાસ માટે થોડો વિદેશમા. જ્યા અભ્યાસ પૂરો થયા પછી ત્યાંની જે તે કંપનીમાં ઉચ્ચ હોદ્દા, પગાર બધું જ મળી રહે. ટૂંકમાં ભારતના બુદ્ધિધનનો ઉપયોગ અમેરિકા, ઓસ્ટ્રેલિયા સહિતના વિદેશોને મળી રહે. દેશમાં કેટલીક શાળાઓ કાયમ માટે બંધ કરી દેવામા આવી છે તો અનેક શાળાઓને મર્જ કરી દેવામાં આવી છે..... તે સાથે ખાનગી શિક્ષણ ક્ષેત્રને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે અને વિદેશી યુનિવર્સિટીને આપણે ત્યાં પ્રવેશ આપીને આપણે પોતે જ આપણા પગ પર કુહાડો મારીને શિક્ષણનો પાયો નબળો કરી રહ્યા છીએ તેવું સ્પષ્ટ થશે. જ્યારે કે એ વાત યાદ રાખવી જરૂરી છે એક સમયે દેશમાં નાલંદા- તક્ષશિલાનું નામ વિશ્વભરમા ગાજતું હતું. દુનિયા ભરમા તમામ ધર્મોમા શિક્ષણ એ મહાન ધર્મ છે અને એટલે જ તેને વિદ્યાદેવુનું મંદિર કહેવાય છે. જો એકબીજા ધર્મના મંદિરોનું મર્જર નથી થતું તો પછી વિદ્યાધામ કહેવાતી વિદ્યાદેવીના મંદિરો- શાળાઓનું મર્જર શા માટે.....?

વંદે માતરમ

## સોના-ચાંદીના વાયદામાં થાક ખાતી તેજીઃ સોનામાં રૂ.૧૯૬ અને ચાંદીમાં રૂ.૩૦૦નો ઘટાડો

# ક્રૂડ તેલમાં સીમિત સુધારોઃ કોટન, નેચરલ ગેસ, મેન્થા તેલમાં વૃદ્ધિઃ રબરમાં નરમાઈનો માહોલઃ બુલડેક્સ વાયદામાં ૯૩ પોઈન્ટ અને મેટલડેક્સ વાયદામાં ૩૧૭ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈઃ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૭૪,૧૬૩ સોદાઓમાં કુલ રૂ.૧૪,૬૨૧.૮૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના એપ્રિલ વાયદામાં ૯૩ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના એપ્રિલ વાયદામાં ૩૧૭ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૭૬,૫૩૪ સોદાઓમાં કુલ રૂ.૪,૭૮૯.૭૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૨,૫૬૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૨,૫૮૪ અને નીચામાં રૂ.૫૨,૩૧૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૯૬ ઘટી રૂ.૫૨,૫૫૩ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની એપ્રિલ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૬૫ ઘટી રૂ.૪૧,૮૩૦ અને ગોલ્ડ-પેટલ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૬ ઘટી રૂ.૫,૨૦૨ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨,૫૧૧ના ભાવે ખૂલી, રૂ.૧૬૦ ઘટી રૂ.૫૨,૪૪૩ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૮,૬૧૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૮,૬૧૭ અને નીચામાં રૂ.૬૭,૯૭૩ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૩૦૦ ઘટી રૂ.૬૮,૪૭૦ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ. ૨૯૨ ઘટી રૂ.૬૮,૫૬૯ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૨૮૧ ઘટી રૂ.૬૮,૫૮૪ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૮,૫૩૨ સોદાઓમાં રૂ.૧,૬૨૪.૬૦ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૪૫ ઘટી રૂ.૨૬૭.૯૫ અને જસત એપ્રિલ વાયદો રૂ.૫.૧૫ ઘટી રૂ.૩૭૫ના ભાવ થયા હતા. આ સામે તાંબુ એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૯.૫૫ ઘટી રૂ.૮૧૫.૯૦ અને નિકલ એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૮ વધી રૂ.૨,૫૧૩.૬૦ તેમ જ સીસું એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૦.૮૦ ઘટી રૂ.૧૮૭ના ભાવ થયા હતા. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૨,૭૯૭ સોદાઓમાં કુલ રૂ.૩,૭૩૭.૭૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૭,૯૧૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૯૪૭ અને નીચામાં રૂ.૭,૮૩૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૮ વધી રૂ.૭,૮૮૩ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ એપ્રિલ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૭.૫૦ વધી રૂ.૫૫૧.૮૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૪૫૫ સોદાઓમાં રૂ.૧૬૩.૮૦ કરોડનાં કામકાજ થયા હતા. કોટન એપ્રિલ વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૪,૦૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૪,૫૪૦ અને નીચામાં રૂ.૪૩,૯૩૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૪૦ વધી રૂ.૪૪,૫૦૦ના સ્તરે પહોંચ્યો હતો. રબર એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧૦૦ કિલોદીઠ રૂ.૧૬,૬૨૮ના ભાવે ખૂલી, રૂ.૧૧૧ ઘટી રૂ.૧૭૦૮૮ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪.૪૦ વધી રૂ.૧૦૮૩.૮૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૬,૫૬૩ સોદાઓમાં રૂ.૨,૫૧૯.૮૮ કરોડનાં ૪,૮૦૩.૬૮૯ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૫૯,૯૭૧ સોદાઓમાં કુલ રૂ.૨,૨૬૯.૮૫ કરોડનાં ૩૩૧.૫૫૮ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૪,૮૨૦ સોદાઓમાં રૂ.૧,૩૧૩.૫૫ કરોડનાં ૧૬,૬૪,૭૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૨૭,૯૭૭ સોદાઓમાં રૂ.૨,૪૨૪ કરોડનાં ૪૪૨૩૦૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૭૯૩ સોદાઓમાં રૂ.૧૩૩.૬૦ કરોડનાં ૩૦૦૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૬૪૦ સોદાઓમાં રૂ.૨૯.૭૭ કરોડનાં ૨૭૧.૮ ટન, રબરના વાયદાઓમાં ૨૨ સોદાઓમાં રૂ.૦.૪૩ કરોડનાં ૨૫ ટનના વેપાર થયા હતા. ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૧,૫૩૩.૬૨૯ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૩૯૦.૮૪૬ ટન, ક્રૂડ તેલમાં ૪૭૮૯૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૨૬૩૫૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૨૮૨૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૬૬.૨ ટન, રબરમાં ૬૨ ટનના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં ૫૫૭ સોદાઓમાં રૂ.૪૫.૦૫ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૫૪૮ સોદાઓમાં રૂ.૪૩.૮૪ કરોડનાં ૫૭૪ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૯ સોદાઓમાં રૂ.૧.૨૧ કરોડનાં ૧૧ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૭૫૯ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૩૮ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ એપ્રિલ વાયદો ૧૫,૩૧૩ના સ્તરે ખૂલી, ૯૩ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૬૦ પોઈન્ટ ઘટી ૧૫,૨૯૮ના સ્તરે અને મેટલડેક્સ એપ્રિલ વાયદો ૨૧,૮૦૧ના સ્તરે ખૂલી, ૩૧૭ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૯૬ પોઈન્ટ ઘટી ૨૨૦૭૩ના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર ૪૪૨૮૮ સોદાઓમાં રૂ.૪,૨૬૦.૯૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૬૯.૫૪ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૨૮.૬૨ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૫૬૧.૯૦ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૨૦૦.૧૮ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૧૨૧.૬૪ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં નેચરલ ગેસ એપ્રિલ રૂ.૫૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૮.૪૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૪.૬૦ અને નીચામાં રૂ.૧૨.૫૦ રહી, અંતે રૂ.૬ વધી રૂ.૨૩.૫૦ થયો હતો. જ્યારે ક્રૂડ તેલ મે રૂ.૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૪૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૬૭.૪૦ અને નીચામાં રૂ.૪૧૫ રહી, અંતે રૂ.૧૬.૧૦ વધી રૂ.૪૩૫.૬૦ થયો હતો. સોનું મે રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૩૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૬૫ અને નીચામાં રૂ.૫૮૦ રહી, અંતે રૂ.૧૦૫.૫૦ ઘટી રૂ.૬૪૮ થયો હતો. આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો નેચરલ ગેસ એપ્રિલ રૂ.૫૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૩ ખૂલી, ઊપરમાં રૂ.૨૨.૪૫ અને નીચામાં રૂ.૧૩ રહી, અંતે રૂ.૧.૪૦ ઘટી રૂ.૧૬.૬૦ થયો હતો. જ્યારે ક્રૂડ તેલ મે રૂ.૭,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૯૦.૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૧૮ અને નીચામાં રૂ.૨૭૪ રહી, અંતે રૂ.૧.૧૦ વધી રૂ.૨૯૭.૮૦ થયો હતો. સોનું મે રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૬૦ અને નીચામાં રૂ.૨૦૦ રહી, અંતે રૂ.૪૧ વધી રૂ.૨૨૨ થયો હતો.

# એક જ મંચ પરથી મમતા બેનર્જી અને રાજ્યપાલ ધનખરનાં આક્ષેપ-પ્રતિ આક્ષેપ

કોલકતા,તા.૨૦

પશ્ચિમ બંગાળમાં સીએમ મમતા બેનર્જી અને રાજ્યપાલ જગદીપ ધનખડ વચ્ચે ઘણી વખત ચર્ચા જોવા મળી છે. બંને સતત એકબીજા પર આરોપો લગાવી રહ્યા છે. પરંતુ હવે આવો કિસ્સો જોવા મળ્યો છે, જેમાં સીએમ મમતા અને રાજ્યપાલ એક જ મંચ પરથી એકબીજા વિરુદ્ધ નિવેદન આપતા જોવા મળ્યા હતા. બંનેએ પોતપોતાના ભાષણમાં એકબીજા પર ઉગ્ર પ્રહારો કર્યા હતા.

હકીકતમાં, મમતા બેનર્જી અને રાજ્યપાલ જગદીપ ધનખડ બંગાળ ગ્લોબલ બિઝનેસ સમિટના મંચ પર પહોંચ્યા હતા.જ્યાં પ્રથમ પ્રવચન રાજ્યપાલનો વારો હતો. જ્યારે તેઓ ભાષણ આપવા પહોંચ્યા તો તેમણે સ્ટેજ પરથી વડાપ્રધાન મોદીના વખાણ કરવાનું શરૂ કર્યું. ધનખરે ઘણી વખત પીએમ મોદીનું નામ લીધું. તેમણે કહ્યું કે બંગાળમાં વિભાજનની સમસ્યાને કારણે વેપારમાં મુશ્કેલી છે. આ સાથે ધનખરે ઈશારામાં મમતા બેનર્જી પર ઘણા પ્રહારો કર્યા.

આ પછી મમતા બેનર્જીનો વારો આવ્યો, જેમણે મંચ પર આવતાની સાથે જ રાજ્યપાલને પોતાની શૈલીમાં જવાબ આપ્યો. મમતાએ ગવર્નરને હાથ જોડીને કહ્યું હતું કે ઉદ્યોગ ચલાવનારાઓને 'એજન્સી' દ્વારા હેરાન ન કરવા જોઈએ. અમને કેન્દ્ર તરફથી તમામ પ્રકારની મદદની જરૂર છે, ગવર્નર્સ કોન્ફરન્સમાં આ મુદ્દો ઉઠાવો. મમતા બેનર્જીએ વધુમાં કહ્યું કે, અમે લોકોને વિભાજિત નથી રાખતા, અમે બધાને સાથે રાખીએ છીએ. આપણી નજરમાં બધા સમાન છે. ધર્મ, જાતિ, કર્મના આધારે વિભાજન ન કરો.

મમતા બેનર્જીએ કહ્યું કે પશ્ચિમ બંગાળ પહેલું રાજ્ય છે જેણે કોવિડના આગમન પછી શારીરિક રીતે બિઝનેસ સમિટનું આયોજન કર્યું છે. ૮ સ્તંભો છે જેના પર અમારી વ્યૂહરચના છે, પહેલું છે વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર, બીજું એજ્યુકેશન છે, ત્રીજું છે વંચિતો માટે સામાજિક સુરક્ષા, ચોથો સ્તંભ સ્કીલ ડેવલપમેન્ટ છે, પાંચમો સ્તંભ છે કેપિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું વિસ્તરણ, જ્યારે છઠ્ઠો છે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ. સાતમું ડિજિટાઈઝેશન છે અને આઠમું હડતાલ રોકવાનું છે.

# તૃષ્ણા ત્યાગવાથી જ સુખ..


વિનોદભાઈ માછી નિરંકારી

મહાભારત અનુશાસન પર્વઃ૯૩/૪૦-૪૩×માં કહ્યું છે કે આ પૃથ્વી પર જેટલાં ધાન સુવર્ણ પશુ અને સ્ત્રીઓ છે તે તમામ કોઇ એક પુરૂષને મળી જાય તો પણ તેને સંતોષ થશે નહી.આમ વિચારી વિદ્વાન પુરૂષે પોતાના મનની તૃષ્ણાને શાંત કરવી જોઇએ.સંસારમાં એવું કોઇ દ્રવ્ય નથી જે મનુષ્યની આશાનું પેટ ભરી શકે.પુરૂષની આશા સમુદ્ર સમાન છે તે ક્યારેય પુરી થતી નથી.કોઇપણ વસ્તુની કામના કરવાવાળા મનુષ્યની એક ઇચ્છા જ્યારે પુરી થાય છે ત્યારે બીજી નવી ઉત્પન્ન થાય છે.આમ તૃષ્ણા તીરની માફક મનુષ્યના મન ઉપર આઘાત કરતી જ રહે છે.

×વશિષ્ટ સ્મૃતિ× માં કહ્યું છે કે ×મનુષ્ય જ્યારે ઘરડો થાય છે ત્યારે તેના વાળ ઘરડા થાય છે, દાંત ઘરડા થાય છે પરંતુ તેની તૃષ્ણા ઘરડી થતી નથી એટલે કે ધનની અને જીવવાની તૃષ્ણા તો રહે જ છે. તરૂણ પિશાચીની જેમ આ તૃષ્ણા મનુષ્યને ચૂસી ચૂસીને તેને પથભ્રષ્ટ કરતી રહે છે. દૂષિત બુધ્ધિવાળા આ તૃષ્ણાથી પિડાય છે પરંતુ ઇચ્છવા છતાં તેને છોડી શકતા નથી તે ઘરડા થઇ જાય છે પરંતુ તેમની તૃષ્ણા તરૂણ જ બનેલી રહે છે.આમ તૃષ્ણા એક એવો રોગ છે જે પ્રાણ લઇને જ છોડે છે એટલે તૃષ્ણાને છોડવામાં જ સુખ છે.×પદ્મપુરાણ× માં કથા આવે છે કે રાજા યયાતિ ધર્મના કટ્ટર પ્રેમી હતા, તેમને ૧૦૦ અશ્વમેઘ યજ્ઞ તથા ૧૦૦ વાજપેય યજ્ઞ કર્યા હતા.રાજા યયાતિની આવી ધર્મનિષ્ઠાના કારણે પૃથ્વી પર સર્વત્ર સુખનું સામ્રાજ્ય હતું.એકવાર રાજા યયાતિ જંગલમાં હિંસક પશુઓનો શિકાર કરી રહ્યા હતા.ત્યાં તેમને તરસ લાગી, તેમને નજીકમાં એક કૂર્વો જોયો, કૂવાની નજીક જઇને જોયું તો તેમાં એક સુંદર કન્યા જોઇ. આ કન્યામાં અદભૂત સૌદર્ય હતું પરંતુ તે શોકમાં ડૂબેલી હતી.રાજાએ મીઠા શબ્દોમાં તેને આશ્વાસન આપ્યું અને તેનો પરીચય પૂછ્યો, તે કન્યા શુક્રાચાર્યની પૂત્રી દેવયાની હતી પરંતુ પૂત્રીના આ દુરવસ્થાની પિતાજીને ખબર ન હતી.યયાતિએ જયારે પોતાનો પરીચય આપ્યો ત્યારે દેવયાનીએ કહ્યું કે હું આપના નામ અને યશથી પરીચિત છું આપ રાજા છો.. આપ કૃપા કરી મારો હાથ પકડી કૂવામાંથી બહાર કાઢો, કૂવામાંથી નીકળ્યા બાદ દેવયાનીએ કહ્યું કે રાજન..! આપે મારો હાથ પકડ્યો છે તેથી આપ મારા પતિ બનો. રાજા યયાતિએ કહ્યું કે ભગવાન શુક્રાચાર્ય સંપૂર્ણ જગતના સ્વામી છે, તે આજ્ઞા આપશે તો હું આપની વાત અવશ્ય માનીશ. ત્યારબાદ રાજા યયાતિ દેવયાનીની અનુમતિ લઇ પોતાની રાજધાનીમાં પરત ગયા. દેવયાની પોતાના પિતાને ખૂબ જ માન આપતી હતી અને તેમનો ખૂબ જ સત્કાર કરતી હતી. એકવાર અસુરરાજ વૃષપર્વાની કન્યા શર્મિષ્ઠાત ક્રોધમાં આવીને દેવયાનીના પિતા શુક્રાચાર્યને અનેક અપશબ્દો કહ્યા તે દેવયાનીથી સહન ના થયું અને તેનો જવાબ આપવા લાગી, તેનાથી ક્રોધિત થઇને એકવાર એકાંતમાં જંગલમાં લઇ જઇ છેતરીને શર્મિષ્ઠાએ દેવયાનીને ધક્કો મારીને કૂવામાં પાડી દીધી હતી.શર્મિષ્ઠાને વિશ્વાસ થઇ ગયો કે દેવયાની હવે મરી ગઇ હશે તેથી ત્યાંથી તે સીધી પોતાના ઘેર પહોંચી ગઇ પરંતુ વિધિનું વિધાન કંઇક જુદુ જ હતું.રાજા યયાતિએ દેવયાનીનો જીવ બચાવી લીધો હતો.કૂવામાંથી નીકળ્યા બાદ તે એક ઝાડ નીચે ઊભી પોતાના પિતાના આવવાની રાહ જોઇ રહી હતી. હવે તે અસુરરાજના નગરમાં જવા ઇચ્છતી ન હતી. શુક્રાચાર્ય પોતાની પૂત્રીને શોધતાં શોધતાં ત્યાં આવી પહોચ્યા તથા તમામ હકીકતથી વાકેફ થયા બાદ પોતાની પૂત્રીને સમજાવે છે કે બેટી..! કોઇ કોઇને સુખ કે દુઃખ આપતું નથી, તમામ મનુષ્ય પોતાના કર્મ અનુસાર ફળ પામે છે માટે શર્મિષ્ઠાઆને માફ કરી દે, તે તો ફક્ત નિમિત્ત બની છે. દેવયાનીએ કહ્યું કે શર્મિષ્ઠા ઘમંડમાં આંધળી બની ગઇ છે તે તો મને મારી નાખવા જ ઇચ્છતી હતી અને તેના નગરમાં પરત જવાથી પણ તેની કીચ કીચ સાંભળવી પડશે. દેવયાનીનો અભિપ્રાય શુક્રાચાર્યજી એ સ્વીકારીને રાજા વૃષપર્વા પાસે જઇ પ્રસ્તાવ મુક્યો કે હું મારી પૂત્રી સાથે અન્યત્ર જવા ઇચ્છું છું. આ સાંભળતાં જ અસુરરાજ ગભરાઇ ગયા અને શુક્રાચાર્યજીના પગમાં પડી પ્રાર્થના કરવા લાગ્યા કે આપના લીધે જ અમો સુરક્ષિત છીએ. જો આપ જતા રહેશો તો અમે આગમાં કૂદીને કે સમુદ્રમાં ડુબી મરીશું માટે આપ અમોને છોડીને ના જશો.

શુક્રાચાર્યજીએ બનેલ તમામ ઘટના તથા પરીસ્થિતિ બતાવી તથા દેવયાનીને સમજાવવા કહ્યું. જો દેવયાની તમારા રાજ્યમાં રહેવા માટે તૈયાર હોય તો તમારૂં રાજ્ય છોડીને અમારે ક્યાંય જવાની જરૂર નથી. દેવયાનીએ અસુરરાજ પાસે શરત મુકી કે તમારી કન્યા શર્મિષ્ઠા એક હજાર કન્યાઓ સહીત મારી સેવામાં હાજર રહે અને મારા લગ્ન થતાં હું જ્યાં જાઉં ત્યાં મારી સાથે કન્યાઓ સહીત આવે..!

શર્મિષ્ઠાને હવે ખબર પડી કે ગુરૂ શુક્રાચાર્યનું બળ ફક્ત આધિભૌતિક તથા આધિદૈવિક જ નહી પરંતુ બ્રહ્મજ્ઞાન જ તેમનું બળ છે. બીજી તરફ દેવયાની મનથી રાજા યયાતિને વરી ચુકી હતી. શુક્રાચાર્યની મંજુરીથી યયાતિ અને દેવયાનીનાં લગ્ન થયાં. લગ્નના અવસરે રાજાએ વરદાન માંગ્યું કે અધર્મ મારો સ્પર્શ ના કરે. શુક્રાચાર્ય સર્વસમર્થ હતા તેમને યયાતિને વરદાન આપ્યું. અંતમાં તેમને યયાતિ તથા દેવયાનીને આદેશ આપ્યો કે શર્મિષ્ઠાનો પણ આદર સત્કાર કરજો.

વિવાહનું ફળ છે સંતાનની પ્રાપ્તિ.દેવયાનીએ પ્રથમ પૂત્રનો જન્મ આપ્યો , તેનાથી શર્મિષ્ઠાને ઘણી જ ચિંતા થઇ, તેને ગમે તે પ્રયત્ને રાજા યયાતિને પોતાને આધિન બનાવી લીધા. યયાતિથી શર્મિષ્ઠાને પણ ત્રણ પૂત્રો થયા. હવે દેવયાનીને ખબર પડી કે શર્મિષ્ઠાએ મારા પતિ દ્વારા ત્રણ પૂત્રોની પ્રાપ્તિ કરી છે ત્યારે તેને ઘણું જ દુઃખ થયું. દેવયાનીએ રાજાને કહ્યું કે હવે હું આપને ત્યાં રહી શકું તેમ નથી.આમ કહી તે રડતી કકળતી પોતાના પિતાની પાસે પહોંચી. રાજા ઘણા જ ગભરાઇ ગયા અને દેવયાનીની પાછળ પાછળ સમજાવવા ગયા પરંતુ દેવયાની કોઇપણ રીતે ના માની. બન્ને નમસ્કાર કરીને શુક્રાચાર્ય સમક્ષ ઉપસ્થિત થયાં. તમામ વૃતાંત સાંભળ્યા પછી શુક્રાચાર્યજીએ રાજાને સમજાવ્યું કે ધર્મજ્ઞ હોવા છતાં તમોએ અધર્મનું આચરણ કર્યું છે, તમે મારા આધિન છો, તમારે ખરેખર મારા આદેશનું પાલન કરવું જોઇએ, આમ ન કરવાથી હું તમોને શ્રાપ આપું છું કે તમો વૃધ્ધાવસ્થાને પ્રાપ્ત થાઓ. રાજાએ શુક્રાચાર્યજીને ઘણા સમજાવ્યા કે હજુ મારી તૃપ્તિ થઇ નથી તેથી આપ એવી કૃપા કરો કે વૃધ્ધાવસ્થા મારામાં પ્રવેશ ના કરે. શુક્રાચાર્યજીને કહ્યું કે મારો શ્રાપ મિથ્યા તો નહી થાય પરંતુ એટલી છુટ આપું છું કે બીજાની યુવાની લઇને આપ ભોગ ભોગવી શકશો.રાજા યયાતિએ પોતાના પૂત્રોની યુવાની લઇ વિચારવા લાગ્યા કે વિષય સેવન કરીને હું તૃપ્ત થઇ જઇશ પરંતુ આવું વિચારવું તે એમની ભૂલ હતી. હજાર વર્ષ વિષય સેવન પછી પણ તેમને તૃપ્તિ તો ના મળી પરંતુ ઉલ્ટુ વિષય સેવનથી વિષયોની ભૂખ વધતી જ ગઇ. રાજા ધાર્મિક હતા તેથી યોગ્ય સમયે પોતાના પુત્રોને યુવાની પરત કરી અને તે સમયે માનવ સમાજને ઉપદેશ આપ્યો કે વિષયની કામના તેનો ઉપભોગ કરવાથી શાંત થતી નથી પરંતુ ઘી ની આહૂતિ પડવાથી જેમ અગ્નિ વધુ પ્રજ્ઝ્વલ્લિત થાય છે તેમ ઉપભોગની આહૂતિથી કામના વધુ પ્રબળ થાય છે. પૃથ્વી ઉપર જેટલી ભોગ સામગ્રી છે તે તમામ એક મનુષ્યના માટે પર્યાપ્ત નથી એટલે તૃષ્ણાનો ત્યાગ કરી દેવો એ જ ઉત્તમ છે. આ તૃષ્ણા એવી છે કે મનુષ્યના વૃધ્ધ થવા છતાં પણ (વૃધ્ધ)ઘરડી થતી નથી પરંતુ તરૂણ જ બનેલી રહે છે. તૃષ્ણા એક એવો ભયાનક રોગ છે કે જે પ્રાણ લઇને જ છોડે છે એટલે મનુષ્યની ભલાઇ એમાં છે કે તેને તૃષ્ણાનો સર્વથા ત્યાગ કરી દેવો જોઇએ.સંસાર મારા જીવનમાંથી બોધપાઠ લે કે હું એક હજાર વર્ષ સુધી વિષય ભોગમાં ડૂબેલો રહ્યો તેમ છતાં મારી તૃષ્ણા-વિષયવાસના શાંત ના થઇ પરંતુ વધતી જ રહી. હવે હું તેનો ત્યાગ કરી ચુક્યો છું હવે મારે મોક્ષરૂપી પુરૂષાર્થ મેળવવો છે.

અપ્રાપ્તને પ્રાપ્ત કરવાની ઇચ્છા એ ×કામના× છે. અંતઃકરણમાં જે અનેક સુક્ષ્મ કામનાઓ દબાયેલી રહે છે તેમને ×વાસના× કહે છે.વસ્તુઓની આવશ્યકતા પ્રતિત થવી એ ×સ્પૃહા× છે.વસ્તુમાં ઉત્તમતા અને પ્રિતિ દેખાવવી એ ×આસક્તિ× છે.વસ્તુ મળવાની સંભાવના રાખવી એ ×તૃષ્ણા× છે.વસ્તુની ઇચ્છા અધિક વધવાથી ×યાચના× થાય છે.. આ બધાં કામનાનાં જ રૂપો છે.

જગતમાં કામના જ એકમાત્ર બંધન છે, બીજું કોઇ બંધન નથી. જે કામનાના બંધનથી છુટી જાય છે તે બ્રહ્મભાવ પ્રાપ્ત કરવામાં સમર્થ થઇ જાય છે અને બ્રહ્મભાવ પ્રાપ્ત થાય છે- બ્રહ્મજ્ઞાનથી. આવું બ્રહ્મજ્ઞાન

# દિલ્હીના જહાંગીરપુરીમાં બુલડોઝર કાર્યવાહી ઉપર સુપ્રીમ કોર્ટ દ્વારા રોક લગાવવામાં આવી

નવીદિલ્હી,તા.૨૦

સુપ્રીમ કોર્ટે જહાંગીરપુરીમાં MCD ની કાર્યવાહી પર હાલ રોક લગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે જહાંગીરપુરીમાં ઉત્તર દિલ્હી નગર નિગમ દ્વારા અતિક્રમણ વિરુદ્ધ ચલાવવામાં આવી રહેલા અભિયાન પર યથાસ્થિતિ જાળવી રાખવાનો આદેશ આપ્યો છે. કોર્ટમાં આ મામલે હવે આવતી કાલે સુનાવણી થશે. સુપ્રીમ કોર્ટમાં આ મામલે બે અરજી દાખલ થઈ છે. પહેલી અરજી યુપી, એમપી સહિત દેશના અન્ય ભાગોમાં બુલડોઝર કાર્યવાહી વિરુદ્ધ દાખલ થઈ છે અને બીજી અરજી દિલ્હીના જહાંગીરપુરગીરીમાં એમસીડીની કાર્યવાહી વિરુદ્ધ દાખલ કરવામાં આવી છે.

જમીયત ઉલેમા એ હિન્દ તરફથી વકીલ દુષ્યંત દવેએ જહાંગીરપુરીમાં થઈ રહેલી બુલડોઝર કાર્યવાહીનો મામલો ચીફ જસ્ટિસ સામે ઉઠાવવામાં આવ્યો હતો. આ અરજીમાં કોર્ટના હસ્તક્ષેપની માગણી કરાઈ હતી. સુપ્રીમ કોર્ટે હાલ જહાંગીરપુરીમાં યથાસ્થિતિ જાળવી રાખવાનો આદેશ આપ્યો છે. કોર્ટ હવે આ મામલે આવતી કાલે સુનાવણી કરશે. આ બધા વચ્ચે એમસીડીએ કહ્યું કે તેમનું પ્રશાસન સુપ્રીમ કોર્ટના આદેશનું પાલન કરશે.

જહાંગીરપુરીમાં હનુમાન જયંતીના દિવસે હિંસા થઈ હતી. ઉત્તર દિલ્હી નગર નિગમે હિંસાના આરોપીઓની ગેરકાયદેસર સંપત્તિઓ અને અતિક્રમણ વિરુદ્ધ કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો હતો. જે હેઠળ ૨૦ અને ૨૧ એપ્રિલના રોજ બુલડોઝર કાર્યવાહી થવાની હતી. આજે નગર નિગમના અધિકારીઓએ જહાંગીરપુરીમાં અતિક્રમણ વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરી હતી. પરંતુ હવે સુપ્રીમ કોર્ટે આ કાર્યવાહી પર રોક લગાવી દીધી છે. કોર્ટે હાલ જહાંગીરપુરીમાં યથાસ્થિતિ જાળવી રાખવાનો આદેશ આપ્યો હોવાથી કાર્યવાહી હવે થઈ શકશે નહીં. આ રોક ચાલુ રહેશે કે કાર્યવાહી આગળ ચાલુ રહેશે તે મામલે સુપ્રીમ કોર્ટ હવે આવતી કાલે એટલે કે બુધવારે સુનાવણી કરશે.

નોંધનીય છે કે દિલ્હી ભાજપના અધ્યક્ષ આદેશ ગુપ્તાએ આ અંગે ઉત્તર દિલ્હી નગર નિગમના મેયરને પણ પત્ર લખ્યો હતો. દિલ્હી ભાજપના અધ્યક્ષ આદેશ ગુપ્તાએ લખેલા પત્રમાં હનુમાન જયંતીના અવસરે ૧૬ એપ્રિલના રોજ શોભાયાત્રા પર અસામાજિક તત્વો દ્વારા થયેલા પથ્થરમારાનો ઉલ્લેખ કરાયો હતો. ત્યારબાદ નગર નિગમે નોટિસ બહાર પાડી હતી

# પાટણ માર્કેટયાર્ડમાં ઘઉંના ભાવે ઐતિહાસિક સપાટી કૂદાવી

પાટણ,તા.૨૦

એપ્રિલ માસની શરૂઆત થતાંની સાથે જ બારમાસી ખાદ્યપદાર્થોની ચીજવસ્તુઓ ભરવાની સીઝનની શરૂઆત થઈ જાય છે. ખાસ કરીને ચૈત્ર માસના પ્રારંભે જ મરી મસાલા સહિત કઠોળ, ચોખા અને ઘઉં ભરવાનો પ્રારંભ થઈ જતો હોય છે. જેને લઈ પાટણ નવાગંજ માર્કેટયાર્ડ ખાતે ઘઉંની મબલખ આવકો જોવા મળી રહી છે. માર્કેટયાર્ડમાં આજે વહેલી સવારથી જ ખેડૂતો દ્વારા ઘઉંના ઢગ ખડકી દેવામાં આવતા નવા ગંજ બજાર ઘઉંની આવકોથી ધમધમી રહ્યું છે. ત્યારે આજે ઘઉંના ભાવે ઐતિહાસિક રૂ. ૭૦૦ની સપાટી કૂદાવતાં ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે. સમગ્ર ઉત્તર ગુજરાત સહિત પાટણ જીલ્લો મુખ્યત્વે ખેતી અને પશુપાલન પર આધારીત છે. ગત વર્ષે તેમજ શિયાળામાં પ્રમાણસર ઠંડી પડતા ખેડૂતો દ્વારા રવિપાકનું ઉત્પાદન કરવામાં આવ્યુ હતું. જો કે ગત વર્ષે ચોમાસુ નિષ્ફળ જવાના કારણે ઘઉં સહિત અન્ય રવિપાકોના વાવેતરમાં મહદઅંશે ઘટાડો જોવા મળ્યો હતો. જિલ્લાની ૧૮ હજાર હેક્ટરથી વધુ જમીનમાં ખેડૂતોએ ઘઉંનું વાવેતર કર્યું હતું. જે ગત વર્ષની સરખામણીએ ઓછુ નોંધાવા પામ્યું છે. ચાલુ વર્ષે ઘઉંની આવકમાં મહદઅંશે ઘટાડો નોંધાયો છે. હાલમાં પાટણના નવા ગંજ માર્કેટયાર્ડમાં ઘઉંની ૨૦૦૦ બોરીની આવક થઈ રહી છે. જ્યારે ગત વર્ષે એપ્રિલ માસની શરૂઆતમાં રોજની ૪થી ૫ હજાર બોરીની આવકો થઈ રહી હતી. ગત વર્ષે માર્કેટયાર્ડમાં એક મણ ઘઉંના ભાવ રૂ. ૩૫૦થી ૫૦૦ જેટલા હતા. તેની સરખામણીમાં ચાલુ વર્ષે ઘઉંની આવકો ઘટતા ભાવમાં ઉછાળો આવ્યો છે અને એક મણ ઘઉંના ભાવ રૂ. ૪૩૫થી ૭૩૫ છે. જે ગત વર્ષની સરખામણીએ મણ દીઠ રૂા. ૨૦૦થી ૩૦૦નો વધારો જોવા મળી રહ્યો છે. અત્યાર સુધી આટલા ઊંચા ભાવ પડ્યા ન હોય એ ભાવે ઐતિહાસિક સપાટી કુદાવી છે . નવા ગંજ માર્કેટયાર્ડમાં સારી ક્વોલીટીના ઘઉંના ભાવ મણદીઠ રૂ. ૪૩૫થી ૭૩૫ સુધી હરાજીમાં વેચાઈ રહ્યા છે. જયારે મધ્યમ ક્વોલીટીના ઘઉંની મણદીઠ રૂા. ૪૩૦થી ૫૫૦ના ભાવે વેપારીઓ દ્વારા હરાજીમાં ખરીદી કરવામાં આવી રહી છે . હાલમાં નવા ગંજ માર્કેટયાર્ડમાં ઘઉંની સાથે સાથે દિવેલાની પણ મબલખ આવકો થઈ રહી છે. આજે દિવેલાની ૧૫ હજાર ૩૦૦ બોરીની આવક થઈ હતી અને એક મણના ભાવ રૂ. ૧૩૭૫થી ૧૪૩૦ જોવા મળ્યા હતા. ત્યારે રાયડાની પણ રોજની ૪૪૫૫ બોરીની આવક થઈ રહી છે અને તેના એક મણના ભાવ રૂ. ૧૨૨૦થી ૧૪૧૭ રહ્યા હતા. ઘઉંની નવી આવકો શરૂ થઈ હોવાથી ગંજ બજારમાં ખેડૂતોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. આમ પાટણ નવાગંજ માર્કેટયાર્ડમાં એપ્રિલ માસના પ્રારંભથી જ ઘઉં સહિત કપાસ, એરંડા, જીરુ, વરીયાળી, રાયડો, મેથી સહિતના વિવિધ પાકોની ઉપજથી ગંજબજાર ઉભરાઈ રહ્યું છે. આમ માર્કેટયાડમાં આવક વધવાના કારણે ટ્રાફિકજામ સર્જાયો હતો. ઘઉં પકવતા ખેડૂતોને પ્રથમવાર એટલા ઊંચા ભાવ મળતાં તેઓ ખુશખુશાલ જોવા મળી રહ્યા છે.

# વડાપ્રધાને દાહોદ જિલ્લાના આદિવાસી બાંધવોને રૂ.૨૧૮૦૯.૭૯ કરોડનાં વિકાસકામોની ભેટ

દાહોદ,તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમની ત્રણ દિવસીય ગુજરાત મુલાકાતના અંતિમ દિવસે દાહોદમાં આયોજિત 'આદિજાતિ મહા સંમેલન'માં પહોંચ્યા હતા. અહીં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અનેક વિકાસ યોજનાઓનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કર્યો. આ પ્રસંગે કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ હાજર રહ્યાં.

આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, આજે દાહોદ અને પંચમહાલના વિકાસને લગતા ૨૨ હજાર કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટનું લોકાર્પણ અને શિલાન્યાસ કરવામાં આવ્યું છે. આજે જે પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે તેમાં એક પીવાના પાણીને લગતી યોજના છે અને બીજી દાહોદને સ્માર્ટ સિટી બનાવવા સંબંધિત પ્રોજેક્ટ છે.

દાહોદમાં તેમણે કહ્યું હતું કે, હું માથું નમાવીને કહી શકું છું કે ભારતનો આદિવાસી વિસ્તાર ગમે તેટલો હોય, મારા આદિવાસી ભાઈ-બહેનોનું જીવન પાણી જેવું શુદ્ધ અને નવી કળીઓની જેમ કોમળ છે. મેં દાહોદમાં આખા પ્રદેશમાં ઘણા પરિવારો સાથે ઘણો લાંબો સમય વિતાવ્યો છે. આપણી એક પ્રાચીન કહેવત છે કે આપણે જ્યાં રહીએ છીએ તેની આપણા જીવન પર ગંભીર અસર પડે છે. આ વિસ્તાર મારું કાર્યસ્થળ હતું. મને આદિવાસીઓ સાથે લાંબા સમય સુધી રહેવાની, તેમની પાસેથી શીખવાની અને સમજવાની તક મળી છે. કોઈપણ આદિવાસી વિસ્તાર પાણીની જેમ શુદ્ધ હોય છે.

વડાપ્રધાને સંબોધન દરમિયાન કહ્યું હતું કે, મેં આદિવાસીઓનું જીવન નજીકથી જોયું છે. ઉમરગામથી અંબાજીનો આદિવાસી વિસ્તાર મારું કાર્યક્ષેત્ર હતું. અહીં મેં બહું સમય વિતાવ્યો છે. આદિવાસી ભાઈઓ બહેનોએ મને ઘણું શીખવ્યું છે. વડાપ્રધાને કહ્યું- આદિવાસી પરિવર્તન લાવે એટલે બધાએ લાવવું જ પડે.પાણીદાર લોકોની પાણી દ્વારા સેવા કરવાનો મને મોકો મળવાનો છે. દાહોદમાં વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા બાદ કહ્યું હતું કે, દાહોદ હવે મેક ઈન્ડિયાનું મહત્વનું કેન્દ્ર બનવા જઈ રહ્યું છે.

દાહોદમાં આદિવાસી મહાસંમેલનમાં સંબોધન દરમિયાન વડાપ્રધાને બિરસા મુંડા, ગોવિંદ ગુરુ, દેવગઢબારીયા, માનગઢના જંગને યાદ કર્યા હતા. વડાપ્રધાને કહ્યું હતું કે, ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં આદિવાસીઓનો કોઈ વિસ્તાર એવો ન હતો કે જેમાં આદિવાસીઓ તીરકામઠા લઈને અંગ્રેજો સામે પડ્યા ન હોય.

જનકલ્યાણના વિવિધ વિકાસકાર્યોમાં આરોગ્ય, આવાસ, વીજળી, રોજગારી, સલામતી, સ્કિલ ડેવલપમેન્ટ, જળસંચયનાં કામો, રસ્તાઓ સહિતની પાયાની સુવિધાઓ સાથે દાહોદ સ્માર્ટસિટી તરીકે મહાનગરોમાં જોવા મળતી સુવિધાઓ પણ આદિજાતિ બહુલ વસતિ ધરાવતા દાહોદ જિલ્લાને મળશે. એમાં આઈસીસીસી-આઈટી પ્રોજેક્ટ દાહોદ નગરને સ્માર્ટસિટી તરીકે એક નવા સ્તરે લઈ જતો અને મહાનગરોમાં પણ ન જોવા મળતી અત્યાધુનિક સુવિધાઓ પ્રદાન કરતો એક મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે. રૂ. ૧૫૧.૦૪ કરોડના ખર્ચે સંપન્ન આ પ્રોજેક્ટનું ખરોડ ખાતે યોજાનારા 'આદિજાતિ મહાસંમેલન'માં લોકાર્પણ પ્રધાનમંત્રી કરશે.ભારતીય રેલ્વે દ્વારા દાહોદ વર્કશોપમાં ૯ હજાર હોર્સ પાવરની ઈલેક્ટ્રીક લોકોમેટિવ મશીન ઉત્પાદન એકમનો શીલાન્યાસ કરશે. મેક ઈન ઈન્ડિયા અભિયાનને સાકાર કરતા આ પ્રોજેક્ટ થકી દાહોદ અને તેની આસપાસના જિલ્લાઓ માટે ૭ હજાર નોકરીની તકો ઉભી થશે. તેની લાગત રૂ.૨૦ હજાર કરોડ છે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO: 0081**

**પ્રકાર : પદ્ય**
**વિષય: પડછાયો**
**શીર્ષક: ઉજાસનું પ્રતીક**
**શબ્દો : ૧૧૫**

પડછાયો બદનામ ,કેવળ પાછળ રહેવું એનું કામ
વગોવાય એ તેથી ,થાય લાંબો ટૂંકો ,પણ રંગે શ્યામ !
પડછાયો ડરાવે શિશુને,પણ રમાડે ભીંતે છાપ બની,
એકલવાયા જણને આપે દિલાસો સાથી બની.
પડછાયા જેવી સંતતિ સહુ ચાહે,બને સ્વની પ્રતિકૃતિ,
પતિ ચાહે ભાર્યા એવી ,પડછાયા સમ સાથે રહેતી.
ગુરુ ચાહે શિષ્ય એવો,અદ્દલ એનાં પડછાયા જેવો,
માલિક ચાહે દાસ એવો,વણબોલે બધું સમજે? એવો.
પડછાયો તો સૂરજને શરણે,એનાં વિણ એ ન ઉદભવે,
લાંબો ટૂંકો સૂરજ જ કરે ,એ ચાહે તો વાદળથી ભૂંસે.
વૃક્ષો તો રહે સદાય તત્પર, ખમે? સૂરજનો તાપ,
ગરમી ગળી શાતા આપતો,એમનો પડછાયો અમાપ.
પડછાયો શીખવે માનવને, જો ગતિ પ્રકાશ ભણી કરશો,
અંધકાર પાછળ રહી જાશે, ઉજાસનાં પ્રતીક બનશો!

માયા દેસાઈ,મુંબઈ ભારત.

---

**NOG 109**

**પ્રકાર :-પદ્ય**
**શિર્ષક:-પડછાયો**

મારી સામે રોજ હાફે,
રાત પડતાની સાથે,
શાંતિ બની જાય ઉગતા સૂરજે,
વિછળાય જાય વાદળો જેમ,
થનગનતો પડછોયો.
મધુર હાસ્ય ચાંદની પાથરી,
વૈકુંઠની અનુભૂતિ કરાવે,
ને હું અપ્સરાના દરબારે,
દીન બનું અદ્દભૂત પડછાયે.
સતત ખરતા તારા અધર મઢયા,
લાગે ઉલ્કાપાત સર્જાતો,
હું પરીલોક ઉડતો રહું,
પંખ મઢી તેમના ભ્રામક પડછાયે.
ઝંખતો,ઝૂરતો જુવો હું ઓગળુ,
મીણની જેમ તેના વિરહ ,
ચોપાસ જાગી જોઉં તો,
મારી આસપાસ ટટળે તરસ્યા ઝાંઝવા,
હું ઉકળતો ગયો રેતના ઢૂંવા વચ્ચે,
સમેટી પડછાયો.
કલ્પનાના અશ્વો શર્ણગારી દોડી પડું,
દુર્ગમમાર્ગ ,
ફકીરી લઈ ,
કોઈ વિસામો લઈ બેઠો હોઉં ઝાડ,
□દય ખડખડાટ હસે,
મારા ખૂદની દશામાં,
જોઈ છૂપાયો પડછાયો.

બાબુ સંગાડા"મહેક",હાલોલ

---

**NOG SS No : 114**

**વિભાગ : ગદ્ય**
**શબ્દ : પડછાયો**
**શીર્ષક: એ અંધારી કાળી રાત સત્ય ઘટના.**
**શબ્દ સંખ્યા-૨૬૫**

રચના-

સત્યઘટના આધારીત પડછાયો.

એ કાળી ભમ્મર રાતનો પડછાયો આજે પણ દિલમાં ગભરાટ કરી રહ્યો છે. કાળી ભમ્મર રાતનો અંધકાર જાણે મોત થઈ મારી વ્હાલી ૩ વરસની દીકરી ખુશી પર મંડરાઇ રહ્યો હતો. અચાનક ખુશીને લોહીની ઊલટીઓ પછી ઊલટીઓ થતા ઈમરજન્સી વોર્ડમાં ખસેડવામાં આવી. કાળી ભમ્મર રાતનો અંધકાર વધી રહ્યો હતો. કૂતરાઓનો ભસવાનો અવાજ ચારેકોરથી આવી રહ્યો હતો, તેમ તેમ મારાં દિલનાં ધબકારા પણ વધી રહ્યાં હતાં. જિંદગીમાં પહેલીવાર આવો બનાવ. એ પણ જીવથી વ્હાલી મારી ખુશી સાથે.

લોહીનાં રિપોર્ટ સોનોગ્રાફી તથા એક્સ-રે, બધા જ રિપોર્ટ પછી સીટી સ્કેન કરવાનું ડોક્ટરે જણાવ્યું સીટી સ્કેનના આધારે ડોક્ટરે જણાવ્યું કે દીકરીનાં આંતરડામાં રસી અને પરું થઇ ગયું છે. જેના કારણે આતરડું કાપી ઓપરેશન કરવું પડશે. એટલે તાત્કાલિક મોટી હોસ્પિટલ - સુરત એપલમાં ખસેડવા માટે ડોક્ટરે તુરંત અમને જણાવ્યું.

એમ્બ્યુલન્સની સ્પીડ અને મારી ગોદમાં ઓક્સિજનના મસમોટા બાટલા સાથે પરોવાયેલી મારી દીકરી ખુશીને જોતા જ જાણે મારા શ્વાસ થંભી ગયેલાં. આજે પહેલીવાર નવસારીથી સુરત દીર દેખાયું. મારી દીકરીની જિંદગી હવે પ્રભુના હવાલે. સતત હું ગાયત્રી મંત્રનો ઉચ્ચાર કરી રહી હતી. આંખોમાંથી આંસુઓ સમાતા ના હતાં.ક્યાંક મારી સાથે ન થવાનું થશે તો એવા નકારાત્મક વિચારો એક પછી એક રાતના અંધકારમાં મારા માનસપટ આવવા લાગ્યાં.

બે કલાકના સફળ ઓપરેશન પછી ડોક્ટર અરુણ ત્રિવેદીએ જણાવ્યું કે ઓપરેશન સફળ રહ્યું છે. સારું થયું, તમને આ વહેલી જાણકારી થઈ ગઈ અને સમયસર સારવાર મળી, નહીંતર ઇન્ફેક્શન આખા શરીરમાં ફેલાઈ જાત. થોડા દિવસમાં ખુશીને રાહત થઈ જશે.મોતી મોતી જેવડા આંસુઓ મારી આંખોમાંથી ખરવા માંડ્યાં અને ડોક્ટર સાહેબનો આભાર ખરા દિલથી હું માનવા લાગી.

૧૫ દિવસ ઈમરજન્સી વોર્ડમાં રહેલી ખુશી હવે સ્વસ્થ તંદુરસ્ત છે જેમાં બધાં જ વડીલોનાં આશીર્વાદ અને ખાસ તો ભગવાનની કૃપા સામેલ છે.

કથીરીયા પ્રવીણા "પવિ" નવસારી.

---

**Nog ss No :-0038**

**વિષય :-પડછાયો**
**વિભાગ:-પદ્ય**
**શીર્ષક:-તારો જ સાથ**

એક તારો જ સાથ જીવનભર રહે છે,
સુખ દુ:ખમાં તું જ મારી સાથે રહે છે.
નથી જોઈ શકતો હું ખુદને આંખોથી,
તને જોઈને મારા હોવાની આશ રહે છે.
દિવસે સાથે સાથે ચાલે રાત્રે સમાઈ જાય,
સૂરજદાદા ને જોઈ તું મલકાતો રહે છે.
છોડીને ચાલ્યા જાય પોતાના પણ રાહમાં,
પડછાયો જીવન પથમાં હામ ભરતો રહે છે.
પડછાયો બની રહે એવી સંતતિ સૌ કોઈ જંખે છે,
એકલતામાં સહારો આપી સાથી બની રહે છે.

શીલાપટેલ "આકાંક્ષા"

---

**NOG SS NO:0032**

**વિષય: પડછાયો**
**પ્રકાર:પદ્ય**
**શબ્દો: ૬૬**
**શીર્ષક: વિસામો**

તારા વિસામે બેઠી વિસામો કરી,
ખુશી છે આજ મને વરસો પછી.
તારા પડછાયે બેઠી વિસામો કરી,
શ્વાસ હેઠો બેઠો મને વરસો પછી.

નિર્મલ નયનોની મીઠી ભાષા વાંચી
સમજાઈ મને આજ વરસો પછી.
ઉદાસી અને નારાજગી આજ વાંચી,
એમાંય કોઈ ફરિયાદ નહી હોય પછી.
પડછાયાની મોહમાયામાં જાતને વાંચી,
સમજાયું સઘળું મને આજ વરસો પછી.
આંખમાં કાજળ આંજી પાંપણને વાંચી,
યાદોનો પડછાયો પલકો વચ્ચે ડોકિયું કરે છે પછી.

મીના માંગરોલીયા મીનુ,અમદાવાદ

# અરિહંત સ્કૂલ ઑફ ફાર્મસી એન્ડ બાયો રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ એ વાર્ષિક દિવસ - ક્રોમોસોમ્સ ૨૦૨૨ની ઉજવણી કરી

અમદાવાદ ૨૦ એપ્રિલ ૨૦૨૨

: અરિહંત સ્કૂલ ઑફ ફાર્મસી એન્ડ બાયો રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટે સંસ્થાની સિદ્ધિઓ દર્શાવવા અને તેના વિદ્યાર્થીઓની સિદ્ધિઓને બિરદાવવા માટે તા ૧૬ એપ્રિલ ૨૦૨૨ના રોજ વાર્ષિક દિવસ - ક્રોમોસોમ્સ ૨૦૨૨ની ઉજવણી કરી હતી. ડૉ. અંકિત ચૌધરી, પ્રોફેસર અને ડાયરેક્ટર PG SIPS, ગાંધીનગર અને શ્રી ઉત્સવ પરમાર, ડેપ્યુટી ડિરેક્ટર, દૂરદર્શન સમાચાર, અમદાવાદ આ પ્રસંગે વિશિષ્ટ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી (SSIU) ના પ્રમુખ અને સ્થાપક શ્રી ઋષભ જૈન અને ડો. કાર્તિક જૈન, પ્રોવોસ્ટ, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી પણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. મહેમાનોએ સ્વર્ણિમ ઈક્યુબેશન સેન્ટર હેઠળ તેમના નવીન સ્ટાર્ટઅપ્સ માટે ફાર્મસી અને બાયોલોજી વિભાગના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

વિદ્યાર્થીઓમાં છુપાયેલી પ્રતિભાને નાટક, સ્કીટ્સ, પાવર પેક્ડ ડાન્સ પરફોર્મન્સ, સોલો અને ગ્રુપ મ્યુઝિક રીસીટલ્સ અને અન્ય કેટલાક સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા પ્રદર્શિત કરવામાં આવી હતી. સાંજને યાદગાર બનાવવા માટે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને મેનેજમેન્ટે ખુબ ઝહેમત ઉઠાવી હતી. વિદ્યાર્થીઓને પોતપોતાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ દેખાવ કરવા બદલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એલ્યુમની એસોસિએશન (ASPAS) એ આ પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની મીટનું પણ આયોજન કર્યું હતું અને વિદ્યાર્થીઓના માતા-પિતાને તેમના બાળકોની સફળતાના સાક્ષી બનવા આમંત્રણ આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના આચાર્ય ડો.રાગીન શાહે જણાવ્યું હતું કે, ×કોલેજમાં ઉજવણીના દિવસો વિદ્યાર્થીઓ માટે હંમેશા યાદગાર હોય છે અને વાર્ષિક દિવસ તેમને તેમની પ્રતિભા પ્રદર્શિત કરવાની તક આપે છે અને તેમની સિદ્ધિઓને બિરદાવ માટે પ્લેટફોર્મ મળી રહે છે.

આગામી વર્ષોમાં અમે શૈક્ષણિક ક્ષેત્રોમાં વધુ પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા જઈ રહ્યા છીએ, જે અમારા વિદ્યાર્થીઓને ઉદ્યોગ જગતમાં આગળ વધવામાં મદદ કરશે. અમે હંમેશા વિદ્યાર્થીઓને નવીનતાઓ તરફ પ્રોત્સાહિત કર્યા છે અને સ્વર્ણિમ ઈક્યુબેશન સેન્ટરના સહયોગથી તેમની સ્ટાર્ટઅપ યાત્રામાં તમામ સહયોગ પ્રદાન કરતા રહીશું.×

# તા.૨૧ મીએ મરોલી ખાતે હેલ્થમેળાનું આયોજન



નવસારીઃ આગામી તા.૨૧/૦૪/૨૦૨૨ના રોજ જલાલપોર તાલુકાના મરોલી કોળી સમાજની વાડી ખાતે સવારે ૯-૦૦ કલાકે હેલ્થમેળા નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દર્દીઓની આરોગ્ય સેવાઓ, નિ:શુલ્ક દવાઓ, યુનિક હેલ્થ આઈ.ડી.કાર્ડ, આયુષ્યમાન ભારત કાર્ડ, ટેલી કન્સલ્ટેશન દ્વારા નિદાન, ડાયાબીટીશ, હાઈ બ્લડ પ્રેશર, ઓરલ કેન્સર, આંખના મોતીયાની તપાસ કરવામાં આવશે. તેમજ યોગ ધ્યાન અંગે માર્ગદર્શન આપવામાં આવશે. આ હેલ્થમેળામાં લાભાર્થીઓને મોટી સંખ્યામાં લાભ લેવા તાલુકા હેલ્થ ઓફિસર જલાલપોર, નવસારીની યાદીમાં જણાવાયું છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત મોરેશિયસના પ્રધાન મંત્રી શ્રી પ્રવિન્દ કુમાર જગન્નાથ એ ગાંધીનગરના મહાત્મા મંદિરમાં લીધી



મહાત્મા મંદિરમાં આયોજિત આયુષ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈનોવેશન સમિટના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઉદઘાટન અવસરે સહભાગી થયેલા મોરેશિયસના પ્રધાનમંત્રી ઉદઘાટન સમારોહ બાદ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને રૂબરૂ મળ્યા હતા અને આયુર્વેદ સહિતની પ્રાચિન ઉપચાર પદ્ધતિમાં ગુજરાતના યોગદાન અંગે વિચાર વિમર્શ પણ કર્યો હતો. મોરેશિયસ દ્વારા ગિફ્ટ સટીમાં રોકાણો અંગે પણ આ બેઠકમાં ચર્ચા હાથ ધરાઇ હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મોરેશિયસના વડાપ્રધાનશ્રીને સરદાર સાહેબની વિશ્વની વિરાટ પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટિની મુલાકાત લેવા આમંત્રણ પાઠવ્યું હતું. મોરેશિયસના પ્રધાનમંત્રીશ્રીએ પણ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને પોતાના દેશ-મોરેશિયસના પ્રવાસે આવવાનું હાર્દિક નિમંત્રણ આપ્યું હતું મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે.કૈલાસનાથન, મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો રાજીવ કુમાર ગુપ્તા તેમજ મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી વગેરે આ સૌજન્ય મુલાકાત બેઠકમાં જોડાયા હતા.

# હારીજના પિલુવાડા ગામે જમણ પુરા ઠાકોર પરિવાર દ્વારા ચામુંડા માતાજી ચતુર્થી પાટોત્સવ ઉજવાયો



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

હારીજ તાલુકાના પિલુવાડા ગામે જમણ પુરા ઠાકોર પરિવારના રાજ રાજેશ્વરી ચામુંડા માતાજી ચતુર્થ પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો પાટોત્સવ દરમિયાન માતાજી ના હવન સાથે ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા યજ્ઞના યજમાન તરીકે રમેશ જી ઠાકોર નરસિંહજી ઠાકોર પ્રકાશજી ઠાકોર પરિવાર બિરાજમાન થયો હતો આ ધાર્મિક કાર્યક્રમમાં હારીજ ચાણસ્મા વસતા જમણ પરા ઠાકોર પરિવાર જા નો યજ્ઞમાં ઉપસ્થિતિ ધન્યતા અનુભવી હતી રોહિતકુમાર શાસ્ત્રી બકા મહારાજ બકા હર્ષદભાઈ દવે દ્વારા યજ્ઞ વિધિ સંપન્ન કરાવી હતી

# પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધી યોજનાનો લાભ લેવા માટે ખેડૂતોએ આધાર e-KYC અને બેંક ખાતા આધાર સિડિંગ કરાવી લેવા

નવસારીઃ

ભારત સરકારશ્રી દ્વારા 'પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ (PM-KISAN) યોજના' વર્ષ-૨૦૧૯થી અમલમાં મુકવામાં આવી છે. PM-KISAN યોજના હેઠળ ખેતીની જમીન ધરાવતા ખેડૂતપરીવારને વાર્ષિક રૂ.૬૦૦૦/- સહાય ૩(ત્રણ) સરખા હપ્તામાં ચુકવવાની જોગવાઇ કરવામાં આવેલી છે.વર્તમાનમાં ભારત સરકારશ્રી દ્વારા પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધી યોજના(PM-KISAN) હેઠળ લાભાર્થી ખેડૂતોને ફરજીયાત ' આધાર ી-KYC ' કરાવવાનું થાય છે.આ માટેની ખેડૂતોએ નજીકના બાયોમેટ્રીક ઓથેન્ટીફિકેશન સુવિધા ધરાવતા કોમન સર્વિસ સેન્ટર (CSC) માં જઈ આધાર e-KYC કરાવી શકાશે જેનો ચાર્જ રૂા.૧૫/- લાભાર્થીએ આપવાનો રહેશે. વધુમાં આગામી એપ્રિલ ૨૦૨૨ થી યોજનાનો લાભ 'આધાર બેઝ્ડ ' પેમેન્ટના અનુસાર કરવામાં આવશે. જેમાં લાભાર્થી ખેડૂતોનું જે બેક્ક એકાઉન્ટ આધાર કાર્ડ સાથે લીક્ક કરેલ હોય તે એકાઉન્ટમાં સહાયની રકમ ચુકવવામાં આવશે. જે ખેડૂત લાભાર્થીઓએ બેક્ક ખાતાને આધારકાર્ડ સાથે લીંક ન કરાવેલ હોય તેમણે સત્વરે તેમને લાગુ પડતી બેક્કનો સંપર્ક કરી ' આધાર સિડિંગ ' કરાવી લેવાનુ રહેશે.

વધુમાં ભારત સરકારશ્રી તથા રાજ્ય સરકારશ્રીની સુચના અનુસાર PM-KISAN યોજનાનો લાભ લેવા માટે 'આધારી-KYC ' અને બેંક ખાતા સાથે 'આધાર સિડિંગ ' કરાવવુ ફરજીયાત હોય ખેડૂતોએ આધારી-KYC અને બેંક ખાતા સાથે 'આધાર સિડિંગ ×કરાવી લેવા જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી નવસારીની યાદીમાં જણાવ્યુ છે.

